# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાવનગરમાં 34 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું**
2. **પ્રધાનમંત્રીએ કહ્યું, 140 કરોડ દેશવાસીઓનો એક જ સંકલ્પ- ચિપ હોય કે શીપ ભારતમાં જ બનાવવા પડશે**
3. **કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું- અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના પ્રથમ તબક્કાની સુવિધા 2027 સુધીમાં કાર્યરત થશે.**
4. **ઓપરેશન સિંદૂરમાં ભારતીય સશસ્ત્ર દળોએ મુરિદકેમાં આતંકી ઠેકાણાનો નાશ કર્યો હોવાનો લશ્કર-એ-તૈયબાનો સ્વીકાર**
5. **બેડમિન્ટનમાં, ભારતની સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટીની જોડીનો ચાઇના માસ્ટર્સની સેમિફાઇનલમાં પ્રવેશ**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 140 કરોડ દેશવાસીઓનો એક જ સંકલ્પ હોવો જોઈએ ચિપ હોય કે શીપ ભારતમાં જ બનાવવા પડશે. ભાવનગરમાં 'સમુદ્ર સે સમૃદ્ધિ' કાર્યક્રમમાં 34 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા શ્રી મોદીએ કહ્યું, વિશ્વમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે ભારતને આત્મનિર્ભર બનાવવો જ પડશે. શ્રી મોદીએ જણાવ્યુ, દેશને વિશ્વની મોટી દરિયાઇ શક્તિ બનાવવા વધુ ત્રણ યોજના પર સરકાર કામ કરી રહી છે.

(બાઇટ : **PM-MERITIME-POWER)**

તેમણે જણાવ્યું કે  સેવા પખવાડિયા અંતર્ગત રાજયમાં અનેક સ્થળોએ રક્તદાન શિબિરોનું આયોજન કરાયું.

(બાઇટ : **PM--SEVA-SAPTAH)**

કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ કહ્યું આજથી દેશના અનેક બંદરોને વિવિધ દસ્તાવેજોમાંથી મુક્તિ મળશે. તેમણે ઉમેર્યું, લોથલમાં વિશ્વનું સૌથી મોટું મેરીટાઇમ મ્યુઝિયમ બનશે.

આજે શરૂ થયેલા વિકાસકાર્યોમાં 7 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના મુખ્ય દરિયાઈ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ બંદર અને શિપિંગ મંત્રાલયના 66 હજાર કરોડ રૂપિયાના 21 સમજૂતી કરાર-**MOU** વર્ચ્યુઅલી સમર્પિત પણ કર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY-BIHAR-PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે બિહારના તીર્થનગરી ગયાજી પહોંચ્યા છે. તેઓ પિતૃપક્ષ મેળા દરમિયાન વિષ્ણુપદ મંદિરમાં પૂર્વજોની સ્મૃતિમાં પિંડદાન કરશે. ભારત અને વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો તેમના પૂર્વજો અને દિવંગત આત્માઓની સ્મૃતિમાં પિંડદાન અને તર્પણ કરવા ગયાજી પહોંચી રહ્યા છે.

રાષ્ટ્રપતિ આજે સવારે એક વિશેષ વિમાન દ્વારા ગયા એરપોર્ટ પર પહોંચ્યા છે. રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને, ગયાજીમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MUMBAI BULLET TRAIN

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું કે, અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનની પહેલા તબક્કાની સુવિધા 2027 સુધીમાં કાર્યરત થઈ જશે. નવી મુંબઈમાં ઘણસોલી અને શિલ્ફાટા ટનલની કામગીરીની સમીક્ષા બાદ મીડિયા સાથે વાત કરતા, તેમણે માહિતી આપી કે પ્રોજેક્ટના થાણે વિભાગની કામગીરી 2028 સુધીમાં પૂર્ણ થશે. જયારે આવતા વર્ષે બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ સુધીની કામગીરી પૂર્ણ થશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યુ કે આ પ્રોજેક્ટનો 320 કિલોમીટર લાંબી વાયડક્ટની કામગીરી પૂર્ણ થઈ છે, સાબરમતી ટનલ પૂર્ણ થવાના આરે છે, અને રૂટ પરના તમામ સ્ટેશનો અને પુલોનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત

કર્યો કે, આ બુલેટ ટ્રેન અમદાવાદ અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય ઘટાડશે અને માર્ગ પરના મુખ્ય આર્થિક કેન્દ્રોને જોડશે. શ્રી વૈષ્ણવે નવી પૂર્ણ થયેલી ટનલની પણ મુલાકાત લીધી અને પ્રગતિની સમીક્ષા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV.MANIPUR---ASSAM-RIFLES

મણિપુરમાં  ગઇકાલે અજાણ્યા સશસ્ત્ર આતંકવાદી જૂથે અર્ધસૈન્ય વાહન પર કરેલા હુમલામાં  નાયબ સુબેદાર સહિત આસામ રાઇફલ્સના બે જવાન શહીદ થયા છે અને પાંચ જવાન ઈજાગ્રસ્ત થયા છે. હાલમાં ઇજાગ્રસ્ત જવાનોની હાલત સ્થિર છે.

સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના ઇમ્ફાલ-દિમાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બિષ્ણુપુર જિલ્લામાં બની હતી.

અત્યાર સુધી, કોઈ પણ જૂથે હુમલાની જવાબદારી સ્વીકારી નથી. ઘટનામાં સામેલ આતંકવાદીઓને શોધવા શોધ કામગીરી ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરમાં આજે સવારે ઉધમપુર જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના એક જવાન ઇજાગ્રસ્ત થયા છે. મળેલી માહિતીના આધારે સૈનિકોએ ગઈકાલે સાંજે ડોડા-ઉધમપુર સરહદ પર આતંકવાદીઓને શોધવા પ્રયત્નો હાથ ધર્યા હતા. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું

કે, આતંકવાદીઓ સીઓજ ધાર વિસ્તારમાં જોવા મળ્યા હતા. સેનાએ જણાવ્યું કે છુપાયેલા આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર થયો હતો.

દરમિયાન, પૂંચમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સેનાએ સંયુક્ત શોધ અભિયાન દરમિયાન સેનાએ હથિયારો સહિતની વસ્તુઓ જપ્ત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MURIDKE- OPS SINDOOR

ઓપરેશન સિંદૂર અંગે વિશ્વ મંચ પર પાકિસ્તાનના ખોટા દાવાઓને વધુ એક ફટકો આપતા, લશ્કર-એ-તૈયબા ના એક કાર્યકર્તાએ સ્વીકાર્યું છે કે ભારતીય

સશસ્ત્ર દળોએ ઓપરેશનમાં મુરિદકેમાં મરકઝ તૈયબા ખાતે આતંકવાદી જૂથના મુખ્ય મથકનો નાશ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર વ્યાપકપણે પ્રસારિત થયેલા એક વીડિયોમાં, લશ્કર કમાન્ડરે સ્વીકાર્યું કે સાત મેના ઓપરેશનમાં નાશ પામેલા મુરિદકે આતંકવાદી શિબિરનું પુનઃનિર્માણ થઈ રહ્યું છે. તેણે સ્વીકાર્યું કે અનેક આતંકવાદીઓએ નાશ પામેલા શિબિરમાં તાલીમ લીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SEVA PARV- UNIVERSAL HEALTH COVERAGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર, પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે. ખાસ શ્રેણી - 'સેવા પર્વ' માં, આજે સાર્વત્રિક આરોગ્ય કવરેજ અંગે એક અહેવાલ...

**(CAPSULE- IN GNR MAIL)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH-MOROCCO VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આગામી સોમવારથી મોરોક્કોની બે દિવસની સત્તાવાર મુલાકાતે જશે. તેઓ બેરેચિડ ખાતે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ મેરોકની

વ્હીલ્ડ આર્મર્ડ પ્લેટફોર્મ માટે નવી ઉત્પાદન સુવિધાના ઉદ્ઘાટનમાં હાજરી આપશે. જે આફ્રિકામાં પ્રથમ ભારતીય સંરક્ષણ ઉત્પાદન પ્લાન્ટ છે.

આ પ્લાન્ટ આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ ભારતના સંરક્ષણ ઉદ્યોગના વધતા વૈશ્વિક પદચિહ્નને પ્રતિબિંબિત કરે છે. શ્રી સિંહ સંરક્ષણ, વ્યૂહાત્મક અને ઉદ્યોગ સહયોગને મજબૂત કરવા મોરોક્કોના તેમના સમકક્ષ, અબ્દેલતિફ લૌદીયી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને દેશો સંરક્ષણ ક્ષેત્રમાં સહકાર પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરે તેવી પણ અપેક્ષા છે.

તેઓ ઔદ્યોગિક સહયોગ માટેના નવા માર્ગો શોધવા માટે મોરોક્કોના ઉદ્યોગ અને વેપાર મંત્રી રયાદ મેઝૂરને મળશે. તેઓ રબાતમાં ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SUDAN- AIR STRIKE

સુદાનમાં, ગઈકાલે દાર્ફર ક્ષેત્રના અલ-ફાશેર શહેરમાં એક મસ્જિદ પર અર્ધલશ્કરી ત્વરિત સહાયક દળો-**RSF** દ્વારા ડ્રોન હુમલો કરાયો, જેમાં ઓછામાં ઓછા **70** લોકો માર્યા ગયા હતા. આ હુમલો એવા દિવસે થયો હતો જ્યારે સંયુક્ત રાષ્ટ્રએ સુદાનના ગૃહયુદ્ધમાં વંશીય હિંસા વધુ તીવ્ર બનવાની ચેતવણી આપી હતી, જેમાં પહેલાથી હજારો લોકો માર્યા ગયા છે અને લાખો લોકો વિસ્થાપિત થયા છે. **RSF**એ આ ઘટના પર કોઈ ટિપ્પણી કરી નથી.

અર્ધલશ્કરી જૂથ એપ્રિલ **2023**થી સુદાનના સશસ્ત્ર દળો સાથે ઉગ્ર ગૃહયુદ્ધમાં રોકાયેલું છે, પરંતુ માર્ચમાં રાજધાની ખાર્તુમ પર સૈન્યના કબજા

પછી, RSF તેના ગઢ દાર્ફરના પ્રાદેશિક વર્ચસ્વને જાળવી રાખવા માટે લડી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PORTUGAL- PALESTINE STATE

પોર્ટુગલ પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપશે. પોર્ટુગલનો આ નિર્ણય સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર અગાઉ લેવાયો છે, જ્યાં ઇઝરાયેલ-પેલેસ્ટાઇનનો મુદ્દો ધ્યાન કેન્દ્રિત કરાશે. ગઈકાલે બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં પોર્ટુગીઝ વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પેલેસ્ટિનિયન રાજ્ય પર ઉચ્ચસ્તરીય પરિષદના એક દિવસ પહેલા આવતીકાલે માન્યતા અપાશે.

અગાઉ ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ અને બ્રિટન પેલેસ્ટાઇનને માન્યતા આપવાની જાહેરાત કરી ચૂક્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON CHINA- MASTERS

બેડમિન્ટનમાં, ભારતની પુરુષ ડબલ્સની જોડી સાત્વિકસાઈરાજ રંકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ચાઇના માસ્ટર્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ જોડીએ ગઈકાલે શેનઝેન એરેના ખાતે ક્વાટર ફાઇનલમાં રેન ઝિયાંગ યુ અને ઝી હાઓનનની ચીની જોડીને 21-14, 21-14 થી હરાવી હતી.

રંકી રેડ્ડી અને શેટ્ટી હવે આજે મલેશિયન જોડી એરોન ચિયા અને સોહ વૂઈ ચિક સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .